હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

સારુ થયુ, રડતા લાખો મળે છે તે સમયમાં આ લોકોએ હસાવનારનું સન્માન કર્યું...!!

વાત-વાતમાં.....

- શહેરના સેક્ટર-૨૪માં સ્વામી વિવેકાનંદ સ્કૂલ ખાતે યોજાયેલા ધ્વજવંદન કાર્યક્રમમાં વોર્ડ નં. ૪માં વિવિધ ક્ષેત્રે યશસ્વી સેવાઓ આપનાર અગ્રણી નાગરિકોને ''ગાંધીનગર ગૌરવ સન્માન'' એવોર્ડથી સન્માનવામાં આવ્યાં હતા. આ સન્માન સમારંભમાં સન્માનિત મહિલા અગ્રણીઓની સંખ્યા નોંધપાત્ર રીતે વધુ જોવા મળી હતી.
- શહેરના સેક્ટર-૨૭માં એકતા કોલોની ખાતે ઘણા સમયથી ગટર ઉભરાવાથી દુર્ગંદયુક્ત વાતાવરણની સમસ્યા હતી. આ સમસ્યાને ઉકેલવા સેક્ટરના જાગૃત નાગરિક સહિત શહેરના સામાજિક કાર્યકરોએ સાથે મળીને સજ્જડ રજૂઆતો કરતાં અંતે તંત્રએ સત્વરે કામ હાથ પર લઈ નિરાકરણ લાવવું પડ્યું હતું.
- ગાંધીનગર તાલુકાના પતંજલિ પરિવારના પ્રભારી જિતેન્દ્ર મહેતાના સુપુત્રએ નવી દિલ્હી ખાતે યોજાયેલ પ્રજાસત્તાક દિનની પરેડમાં ભાગ લીધો હતો. શહેરનો પતંજલિ પરિવાર રવિવારે ડાકોર દર્શનાર્થે જઈ રહ્યો હતો ત્યારે પ્રવાસ દરમ્યાન તેમણે ઉત્કંઠેશ્વર મહાદેવ ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી કરી હતી.

સે-૨૧ સ્થિત ઓમકાર પાર્લર પાસે પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. ૭૧ માં પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે ધ્વજવંદન કરવામાં આવ્યુ હતુ. ઓમકાર પાર્લરના ઓમકારસિંહ રાજપુત તેમજ સીતારામ પટેલ ઉપરાંત વેપારીઓ સહીત નગરના આગેવાનોએ પણ હાજરી આપી અનોખા દેશભકિતના માહોલમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરી હતી.

રાજકોટમાં પ્રજાસત્તાક પર્વની રાજ્ય ઉજવણીમાં

'રંગ છે રાજકોટ'માં ગાંધીનગરના ભાવિન પટેલનો કલા રંગ છવાયો

ભાવિન પટેલના નૃત્ય દિગ્દર્શનમાં રાજકોટમાં ૨૨૦૦ કલાકારોએ ધ્વજવંદનમાં આપ્યું અદ્‌ભૂત નૃત્ય પરફોર્મન્સ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરને દેશ-વિદેશમાં નૃત્ય કલા ક્ષેત્રે ગૌરવ અપાવનારા યુવાન ભાવિન પટેલ ૭૧મા પ્રજાસત્તાક પર્વની રાજ્ય કક્ષાની ઉજવણીમાં રાજકોટ ખાતે 'રંગ છે રાજકોટ'માં કલા રંગ થી છવાઈ ગયા હતા.

૭૧મું પ્રજાસત્તાક પર્વ રાજકોટમાં ઉજવાયું તેની પૂર્વસંધ્યાએ યોજાયેલા મેગા સાંસ્કૃતિક કાર્યક્રમ 'રંગ છે રાજકોટ'નું નૃત્ય દિગ્દર્શન 'કોરિયો ગ્રાફી ભાવિન પટેલે કરી હતી.

રાજકોટ ખાતે માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવતજી અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાથે અન્ય મહાનુભાવોની

ઉપસ્થિતીમાં 'રંગ છે રાજકોટ' સાંસ્કૃતિક કાર્યક્રમ ગુજરાત રાજ્ય રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા અગ્ર સચિવ શ્રી સી.વી. સોમ (IAS) અને કમિશનર શ્રી ડી.ડી. કાપડીયા (IAS)ના માર્ગદર્શનમાં યોજાયો.

સમગ્ર કાર્યક્રમ શ્રી સંતશ્રધ્ધા એજ્યુકેશન ટ્રસ્ટના સંચાલક શ્રી કુશલ દિક્ષીતના ડિરેકશનમાં યોજાયો જેમાં લેખન-જવલંતભાઈ છાયા, મ્યુઝીક-પંકજભાઈ ભટ્ટ, માલા ભટ્ટ નાટય દિગ્દર્શન શ્રી રાજુભાઈ યાજ્ઞીક અને નૃત્ય દિગ્દર્શન ભાવિન પટેલ દ્વારા મીરાબેન નિગમ, વિરંચી બૂચ, ડૉ. અમી ઉપાધ્યાય, ભરત બારીયા, અક્ષય પટેલ, ચરૂસિંહ ગોહિલ, માનવ સાહુ, પરેશભાઈ, અરવિંદભાઈના સહયોગથી કરવામાં આવી..

તા.૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક પરેડ દરમ્યાન ૨૨૦૦ જેટલા શાળા-કોલેજના વિદ્યાર્થીઓને સાથે લઈ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો તેની પણ કોરીયોગ્રાફી ભાવિન પટેલના સહયોગથી કરવામાં આવી હતી.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતના બિલ્ડીંગમાં છેલ્લા ૩ દિવસથી નિયમિત રીતે વીજળી વેરણ થાય છે. હવે કર્મચારીઓ અને અધિકારીઓ પણ આ સમસ્યાથી થાક્યા છે.
- આઈ.એમ.એફ.ની સેવાઓ ૧૫ દિવસથી વધુ ખોરવાઈ જતાં સરકારના બિલોના નાણાં મેળવવા વેપારીઓ દોડધામ કરતા જણાયા હતા.
- ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી દ્વારા તમામ ડીડીઓ સાથે આજે વિડીયો કોન્ફરન્સ યોજવામાં આવી છે.
- રાજ્ય સરકારના પૂર્વ સંસદીય સચિવ પૂનમભાઈ મકવાણા આજે જિલ્લા પંચાયતની મુલાકાતે આવ્યા હતા.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ મંગુબેન પટેલ આજે રજા પરથી પરત ફર્યા બાદ તેમનો હોદ્દો પુનઃ સંભાળી લીધો છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની આજે બેઠક મળી હતી.
- પૂર્વ સૈનિકો અને રાજ્ય ગૃહમંત્રી વચ્ચે થયેલી બેઠકમાં તેમના પ્રશ્નો અંગે સરકારના હકારાત્મક વલણ પછી આંદોલન પાછુ ખેંચાયુ.
- રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે ૩૦, ૩૧, ૧ ના રોજ યોજાનારા પોષણ અભિયાન અંગે વી.સી. કરી હતી.
- જાણીતા લોકપ્રિય વક્તા પૂ. જ્ઞાનવત્સલ સ્વામી ૧લી માર્ચે ગાંધીનગર કલ્ચરલ ફોરમની અર્ક વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપવા પધારી રહ્યા છે. 'પ્રસન્નતા જીવનનો' અર્ક છે એ વિષય પર પૂ. સ્વામી વ્યાખ્યાન આપશે.

પૂર્વ સૈનિકો અને શહીદોના પરિજનોના ધરણાં

વળતર, કોન્ટ્રાકટ પ્રથા રદ સહિતની અનેક માંગ : શાહીબાગ શહીદ સ્મારક પાસે પૂર્વે સૈનિકો અને શહીદોના પરિવારજનોની રેલી : ગાંધીનગર કૂચ કરવાનું આયોજન

ગાંધીનગર, તા.૨૭

પ્રજાસત્તાક દિને તા.૨૬મી જાન્યુઆરી જ શહેરના શાહીબાગ ખાતેના શહીદ સ્મારક પાસે હજારો માજી સૈનિકો અને શહીદ જવાનોના પરિવારજનોએ તેમને યોગ્ય વળતર, કોન્ટ્રાકટ પ્રથા રદ કરવા, ખેતીની જમીન ફાળવવા સહિતની વિવિધ ૧૪ માંગણીઓને લઈ ધરણાં, રેલી અને દેખાવોના આશ્ચર્યજનક કાર્યક્રમો યોજયા હતા અને જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતા. રાજ્ય સરકાર સમક્ષ વાંરવાર પોતાની માંગણીઓ સંદર્ભે રજૂઆત કરવા છતાં આજદિન સુધી તે મામલે કોઈ હકારાત્મક નિર્ણય નહી લેવાતાં માજી સૈનિકો અને શહીદ સૈનિકોના પરિવાજનોએ નોકરી, યોગ્ય

વળતર, કોન્ટ્રાકટ પ્રથા રદ કરવા, ખેતીની જમીન તેઓને ફાળવવા સહિતની જુદી જુદી સહિતની ૧૪ માંગણીઓ સાથે ગઈકાલે તા.૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિનથી જ આંદોલન પર ઉતર્યા છે. પોતાની માંગણીઓને લઈ માજી સૈનિકો અને તેમના પરિવારજનોએ શહેરના શાહીબાગ વિસ્તારમાં શહીદ સ્મારક ખાતે હાથમાં બેનરો, પ્લેકાર્ડ અને સૂત્રો સાથે વિશાળ રેલી યોજી હતી અને જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતા. પરિવારજનોના ધરણાંને લઈ મામલો ગરમાયો હતો. નારાજ માજી સૈનિકો અને તેમના પરિવારજનોએ જણાવ્યું હતુ કે, જયાં સુધી તેઓની ૧૪ માંગણીઓ નહી સંતોષાય ત્યાં સુધી તેમની આ લડત અને આંદોલન ચાલુ રાખવાની ચીમકી ઉચ્ચારી હતી. બીજીબાજુ, ભાજપના પ્રવકતા આઈ.કે.જાડેજાએ આ મામલે આગામી દિવસોમાં સમાધાનકારી નિર્ણય લાવવાની હૈયાધારણ આપી હતી. અગાઉ જયારે તત્કાલીન કેન્દ્રીય રક્ષામંત્રી નિર્મલા સીતારમણ અમદાવાદની મુલાકાતે આવ્યા ત્યારે તેમની સમક્ષ માજી સૈનિકો અને શહીદોના પરિવારજનોની માંગણીઓ બાબતે રજૂઆત કરાઈ હતી અને તેમાંથી કેટલીક હલ પણ કરાઈ હતી. જો કે, તેમછતાં હજુ કોઈ સમસ્યા હશે તો તેનું નિવારણ કરાશે.

ટ્રકમાં વોશીંગ પાવડરની આડમાં લવાતો ૩૮૦ પેટી વિદેશી દારૂ ઝડપાયો

ચંદ્રાલા પાસેથી એલસીબીની ટીમે એક શખ્સ સહિત દારૂ, પાવડર, મોબાઈલ, ટ્રક મળીને કુલ રૂ.૨૬.૭૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા.૨૭

શામળાજી ચેકપોસ્ટ બંધ થતા જ બુટલેગરોને જાણે ગુજરાતમાં દારૂ ઘુસાડવા માટે છુટ

મળી હોય તેમ લાગી રહ્યું છે. બુટલેગરો માટે હિંમતનગર-ચિલોડા માર્ગ જાણે દારૂની હેરાફેરી માટે ફેવરીટ બની ગયો હોય છે. ત્યારે વોશીંગ પાવડરની આડમાં ટ્રકમાં લાવવામાં આવતો લાખો રૂપીયાનો વિદેશી દારુ એલસીબી પોલીસે ચંદ્રાલા પાસેથી પકડી પાડ્યો છે. પોલીસે ટ્રકમાંથી ૩૮૦ પેટી દારુ, કિં.રૂ.૧૫,૯૬,૦૦૦, ટ્રક, મોબાઈલ ફોન-૧ તેમજ જુદી જુદી કંપનીના વોશીંગ પાઉડરના પાઉચની ભરેલી થેલીઓ મળીને કુલ રૂ.૨૬.૭૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ડી.એસ.રાઓલ, પો.કો.રાજવીરસિંહ,વિજયસિંહ અનોપસિંહ, હે.કો.અનુપસિંહ સહિતની ટીમ ચિલોડા પોલીસ મથકના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. ત્યારે કોન્સ્ટેબલ રાજવીરસિંહ તેમજ વિજયસિંહને દારુની હેરાફેરી અંગે ખાનગી રાહે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે ચંદ્રાલા વોચ ગોઠવી તા.૨૬ મીની વહેલી સવારે એચ.પી.૬૪.એ.૮૮૧૬ નંબરનો ટ્રક પકડી પાડ્યો હતો. પોલીસે ટ્રક ચાલકનું નામ પુછતા તે હિમાચલ પ્રદેશનો બલદેવસિંહ વેદપ્રકાશ (ઉં.વ.૨૯ ટીપરા જગેસુ, સોલન) હોવાનું સામે આવ્યું હતું. ટ્રકમાં ચેક કરતા વોશીંગ પાવડરના પાઉચ ભરેલી થેલીઓ હતી.તે સાઈડમાં કરીને અંદર તપાસ કરતા વિવિધ વિદેશી દારુની ૩૮૦ પેટી મળી આવી હતી. એલસીબી પોલીસે ૪૫૬૦ બોટલ કિં.રૂ.૧૫.૯૬ લાખની કિંમતનો દારુ, રૂ.૧૦ લાખનો ટ્રક, રૂ.૭૩ હજારનો વોશીંગ પાવડર, રૂ.૫ હજારનો મોબાઈલ મળી કુલ રૂ.૨૬.૭૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.પોલીસે દારૂના જથ્થા સાથે ઝડપાયેલા ટ્રક ડ્રાઈવર , દારૂ ભરી આપનાર અને મંગાવનાર મળી કુલ ત્રણ સામે ચિલોડા પોલીસ મથકમાં પ્રોહી એકટ મુજબ દાખલ કરાવ્યો છે. પોલીસે દારુના જથ્થા અંગે પુછતા ચાલકે કહ્યું હતું કે ચંદીગઢ રહેતા વિક્કી નામના શખ્સે સોનીપતથી માણસ મારફતે ટ્રક લઈ જઈને તેમાં દારૂ ભરી આપ્યો હતો. જે અમદાવાદના રાકેશ નામના શખ્સને આપવાનું જણાવ્યું હતું.

જમીનના બનાવટી કાગળીયા ઉભા કરવા માટે ખેડુતની પાંચ સામે પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર નજીક આવેલા ધણપ ગામે વડીલોપાર્જીત જમીનનો બનાવટી પાવર ઓફ એટર્ની અને બનાવટી દસ્તાવેજને પગલે વેચાણ દસ્તાવેજ કરવા બદલ બે નોટરી સહિત પાંચ નાગરીકો સામે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. ગાંધીનર શહેર-જિલ્લામાં જમીનના ભાવ આસમાનને આંબતા ભુમાફિયો દ્વારા ખેડુતોની છેંતરપિંડીના બનાવમાં નોંધનીય વધારો થયો છે. ત્યારે ગાંધીનગર શહેરના સેકટર-૬ ખાતે વસવાટ કરતા જયદિપસિંહ હરેન્દ્રસિંહ વાઘેલાના સ્વર્ગસ્થ માતા રંજનબેનના ભાગે ધણપ ગામે વડીલોપાર્જીત જમીન આવેલી હતી. ત્યારે આ અમદાવાદના હસમુખભાઈ રામાભાઈ પટેલ (માધવબાગ સોસાયટી નિર્ણયનગર) દ્વારા જનરલ પાવર ઓફ એર્ટની ૧૯૯૬ માં બનાવી હતી. જેમાં ફરીયાદીના ના તેમજ તેમની માતા અંગુઠાના નિશાન બતાવાયા છે. જો કે ફરીયાદીના નાના વિસાજી ભારથુજી રાણા વર્ષ ૧૯૯૨ માં તેમજ વિસાજીના માતા નાથીબાનું ૧૯૯૩ માં નિધન થયુ હતુ. આમ છતા ૧૯૯૬ માં તેમના અંગુઠાના નિશાન બતાવતા પાર ઓફ એર્ટની બનાવટી હોવાનું સામે આવ્યું હતું. આ પાવરના આધારે મે -૨૦૧૯માં સબ રજીસ્ટ્રારની કચેરી ખાતે વેચાણ દસ્તાવેજની નોંધ પડાવી હતી. જેથી આ અંગે જયદિપસિંહે હસમુખભાઈ રામાભાઈ પટેલ, રોકન હસમુખભાઈ પટેલ, નયનાબેન હસમુખભાઈ પટેલ એડવોકેટ રાજેશ એમ મહેતા (નવા વાડજ), તેમજ નોટરી લક્ષ્મણભાઈ બી.વરાડીયા સામે છેંતરપિંડીની ફરીયાદ નોંધાવતા સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

શહેર કોંગ્રેસ દ્વારા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાઈ

ગાંધીનગર શહેરના સેકકટર-૨૨ ખાતે આવેલા જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે ૭૧ માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કોંગ્રેસના હોદેદારો, આગેવાનો અને કાર્યકરોની હાજરીમાં ધામધુમથી કરવામાં આવી હતી.આ પ્રસંગે શહેર કોંગ્રેસ પ્રમુખ ડો.કૌશીક શાહના હસ્તે રાષ્ટ્ર ધ્વજ ફરકાવીને ધ્વજ વંદન કરાવવામાં આવ્યું હતું. આ ધ્વજ વંદન પ્રસંગે કોંગ્રેસ જિલ્લા પ્રમુખ સુર્યસિંહ ડાભી, પ્રદેશ મહામંત્રી નિશિત વ્યાસ, ચિમનભાઈ વિઝુંડા, ચંદુભાઈ વર્મા, ગણપતસિંહ વાઘેલા, રાકેશ જાની, ખુમાનસિંહ રાણા, મિતુલ જોશી, કર્મજીતસિંહ વાઘેલા, અજિતભાઈ પરમાર, મેહુલ સોલંકી, અશ્વિન સુહાન, રાજુભાઈ પ્રજાપતિ સવિતાબા ડાભી, લલિતાબેન ઠાકોર, કપીલાબેન ચાવડા, શહેનાજ રાઠોડ, ચેતનાબેન પંડયા હાજર રહ્યા હતા.

મધ્યાહન ભોજન કર્મચારીઓના બે દિવસીય પ્રતિક ધરણા યોજાયા

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે તા.૨૬મી જાન્યુઆરીથી બે દિવસીય પ્રતિક ઉપવાસનું આયોજન મધ્યાહન

ભોજન યોજના કર્મચારી એકતા મંચ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રતિક ઉપવાસમાં રાજયભરમાંથી હજજારોની સંખ્યામાં ભાઈ બહેનો હાજર રહ્યા હતા. મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓની રજુઆત છે કે તેમને કાયમી કરવા કાયદો પસાર કરવો અને એનજીઓને તાત્કાલીક અસરથી રદ કરવી તે સહિતની અન્ય પડતર માંગણીઓ છે. જેનો આજદિન સુધી હકારાત્મક પ્રતિભાવ સરકાર તરફથી સાંપડ્યો નથી. છેલ્લા સાડાત્રણ દાયકાથી મામુલી વેતનમાં ૭૦ ટકા જેટલી મહિલાઓ મધ્યાહન ભોજન યોજના હેઠળ કામ કરી રહી છે. ત્યારે સરકારના દ્વાર સુધી મધ્યાહન ભોજન યોજનાના કમચારીઓની માંગ કયારે સંભળાશે તેની રાહ કર્મચારીઓ જોઈ રહ્યા છે. જો પ્રતિક ધરણા બાદ કોઈ નિવેડો નહી આવે તો કર્મચારીઓ એકતા મંચના નેજા હેઠલ આમરણાંત ઉપવાસ પર ઉતરશે તેમ ઓલ ગુજરાત મધ્યાનહ ભોજન કર્મચારી મંડળના પ્રમુખ કિશોરચંદ્ર જોશીએ જણાવ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓની મુખ્ય માંગણીઓમાં કર્મચારીઓને કાયમી કરી ધારાધોરણ મુજબ વેતન આપવું, છેલ્લા કેટલાક સમયથી યોજનાનું સંચાલન એનજીઓને સોંપવામાં આવ્યું છે તે રદ કરવું અને જયાં સંચાલન ચાલે છે તે સ્થળે કોન્ટ્રાકટ રીન્યુ ન કરવો અને કર્મચારીઓનો સમાવેશ કરવો, ભોજન અને નાસ્તો આપવાનું નક્કી થયું છે, પરંતુ તંત્ર દ્વારા નાસ્તાને અનુરૂપ અનાજનો જથ્થો તેમજ પેશગી આજ સુધી પુરતા પ્રમાણમાં અને ગુણવતાયુકત આપવામાં આવતા નથી જેથી જુના મેનુ મુજબ ભોજન આપવા કર્મચારીઓની માંગણી છે.કર્મચારીઓ વયમર્યાદાને કારણે નિવૃત થતા કે આકસ્મિક સંજોગોમાં કેન્દ્ર ખાલી પડતા કર્મચારીઓના વારસદારોને નિમણુંક આપવી, મહિલા કર્મચારીઓને પ્રસુતા લીવ આપવી, સમયસર વેતન આપવું, સંચાલકને વાહન ભાડુ આપવુ તે સહિતની માંગણીઓ છેલ્લા ઘણા સમયથી પડતર છે. જેને પગલે કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે.

સુઘડ કેનાલ ખાતે માછલીને લોટ નાખવા ગયેલા ચાલકની રીક્ષા ચોરાઈ

ગાંધીનગર, તા.૨૭

ધરમ કરતા ધાડ પડી જેવો કિસ્સો સામે આવ્યો છે. અમદાવાદનો રીક્ષા ચાલક સુઘડ પાસે કેનાલમાં માછલીને લોટ નાંખવા ગયો હતો, તે દરમિયાન તે નાગરીકની રીક્ષાની ચોરી થઈ જવા પામી છે. ત્યારે બનાવ અંગે અડાલજ પોલીસ મથકે રીક્ષા ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

અમદાવાદ સાબરમતિના કેશવનગર ખાતે રહેતા અમિત પ્રતાપજી ઠાકોર (ઉં.વ.૨૨) ગત તા.૧૯ જાન્યુઆરીના રોજ તે પોતાની રીક્ષા જી.જે.૦૧.ડી.ટી.-૫૭૭૧ નંબરની લઈને સુઘડ કેનાલ ખાતે આવ્યો હતો. ચાર વાગ્યાના સુમારે રીક્ષા મુકીને તે ગણતરીના અંતરે કેનાલમાં માછલીને ખવડાવવા માટે લોટ નાંખવા માટે ગયો હતો. અડધા કલાક પછી પરત ફરીને જોયુ તો રીક્ષાની ઉઠાંતરી થવા પામી હતી.આસપાસના વિસ્તારમાં તપાસ કરતા રીક્ષા મળી આવી ન હતી. થોડા દિવસ રાહ જોયા બાદ આખરે રીક્ષા ચોરી અંગે અડાલજ પોલીસ મથકે રૂ.૧.૨૦ લાખની રીક્ષા ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
જાહેર નિવિદા નં.૧૧ સને ૨૦૧૯-૨૦

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, આકાર કોમ્પલેક્ષ, શામળાજી રોડ, મોડીસા, ફોન નં. ૦૨૭૭૪-૨૪૭૨૯૩ દ્વારા નીચેના કામના ટેન્ડર ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી માંગવામાં આવે છે. (૧) કામનું નામ : (૧) નવા ભેટાલી તા. ભિલોડા મુકામે ૫.૦ મી. વ્યાસ અને ૨૪.૦ મી. ઉંડા કુવાના કામ I.D. No. ૩૯૫૨૪૩ અંદાજીત કિંમત રૂ. ૧૨૦૮૮૫૨.૦૨ છે. (૨) વાંસેરાકંપા તા. ભિલોડા મુકામે ૨૦,૦૦૦ લી. ક્ષમતાની ૫.૦ મી. ઉંચી ટાકી તથા પાઈપ લાઈનના કામ I.D. No. ૩૯૫૨૪૫ અંદાજીત કિંમત રૂ. ૬૩૪૭૫૨.૬૫ (૨) કોન્ટ્રાક્ટર માટેની પાત્રતા : (૧) અને (૨) 'ઈ-૨' વર્ગ અને ઉપરના (૩) ટેન્ડર ઓનલાઈન રજૂ કરવાની છેલ્લી તા. ૭/૨/૨૦૨૦ના રોજ સાંજના ૧૮.૦૦ કલાક સુધી ટેન્ડર અંગેની વધુ માહિતી વેબ સાઈટ www.gwssb.gujarat.gov.in, તથા http://gwssb.nprocure.com, www.statetenders.com ઉપર મુકવામાં આવેલ છે. વિસ્તૃત વિગતો કચેરી સમય દરમિયાન ઉપરોક્ત કચેરી પાસેથી મેળવી શકાશે. પીવાના પાણીની માટેની મુશ્કેલી અંગેની રજૂઆત ગ્રામીણ ક્ષેત્ર માટે બોર્ડની મુખ્ય કચેરીની હેલ્પલાઈન ટોલ ફ્રી નંબર : ૧૯૧૬ ઉપર કરી શકાશે.

નામાનિ/હિંમત/૪૩૪/૨૦૨૦